
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સમ્યગ્દર્શન



પ્રવચનકાર...

પૂ. આચાર્ય વિજય રામસૂરીશ્વરજી મ.

www.jaintatvagyanshala.org

ડહેલાવાળા.

અવતરણકાર: મુનિ શ્રી અભયચંદ્ર વિજયજી.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# પહેલા જાતને તપાસો

નહિ...નહિ...તું પણ કયાં શુધ્ધ છે?

શું તું...મોહમાયાથી પર છે?

શું તું...સંસારને એક સ્વપ્ન સમજીને ચાલે છે?

શું તું...કોઈના ગુણની પ્રશંસા કરવાનું શીખ્યો છે?

શું તુ...સ્વાર્થ છોડીને કોઇના દુઃખમાં સહભાગી બનવાની વૃતિ રાખે છે?

શું તું...કોઈના અવગુણ ગાવાનું છોડી જીભને શુધ્ધ રાખી શકે છે ખરો?

જો આમાંનું એકે તારામાં ન હોય તો શું જોઈને ગામના ઉકરડા ફેંદવા મંડી પડયો છે?

જ્યાં પોતાનું જ ઠેકાણું નથી તો બીજાનું શું ભલું કરી શકવાનો છે.

ખોટું લગાડવાની જરૂર નથી. તું પોતે જ વિચાર કે હું ભૂલો નથી પડયો?

એક વાત ધ્યાનમાં રાખજે "આપ ભલા તો જગ ભલા" ફક્ત આંખમાં પાકી ગયેલા મોતીયાનું જ ઓપરેશન કરવાનું છે, પછી બધુ જ [illegible].

www.jaintatvagyanshala.org

આચાર્ય શ્રી વિજય રામસૂરીશ્વરજી ગ્રંથમાલા–૧૫
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# સમ્યગ્દર્શન

( પ્રવચન સંગ્રહ )

—: પ્રવચનકાર :—

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત

શ્રી વિજય રામસૂરીશ્વરજી

મ. સા. ( ડહેલાવાલા )

: અવતરણકાર :

પ. પૂ. મુનિરાજ શ્રી અભયચંદ્રવિજયજી મ. સા.

: પ્રકાશક :

આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વર

જૈન તત્ત્વજ્ઞાનશાળા

ઝવેરીવાડ, પટણીની ખડકી,

અમદાવાદ ૩૮૦૦૦૧

www.jaintatvagyanshala.org

: પ્રાપ્તિસ્થાન :

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી
# જૈન તત્ત્વજ્ઞાનશાળા

ઝવેરીવાડ, પટણીની ખડકી,
અમદાવાદ ૩૮૦૦૦૧

## દક્ષજ્યોત કાર્યાલય

આ. વિ. લાવણ્યસૂરિજી જ્ઞાનમંદિર
ટ્રસ્ટ બીલ્ડીંગ
જીતેન્દ્ર રોડ, મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૪.

વીર સં. ૨૫૦૫ — પ્રતિ ૧૦૦૦
વિક્રમ સં. ૨૦૩૫ — મૂલ્ય ૨-૫૦

: મુદ્રક :

પરિમલ પ્રિન્ટર્સ
જીતેન્દ્ર રોડ, મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૬૪.

www.jaintatvagyanshala.org

## —: પ્રસ્તાવના :—

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

સિધ્ધગતિનાં સોપાન સર કરવામાં નિકટનું સાધન સમ્યક્ ચારિત્ર છે. એ સમ્યક્ ચારિત્ર સમ્યગ્ જ્ઞાનથી આવે અને એ સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શનથી આવે તેથી મોક્ષ પ્રાપ્તિનું મૂળભૂત સાધન સમ્યગ્ દર્શન થયું છે.

સમકિત વિના નવપૂર્વી પણ અજ્ઞાની કહેવાય, જ્યારે સમકિત સહિત અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન ધરાવનાર પણ જ્ઞાની કહેવાય છે. આવો મહાન પ્રભાવ છે સમ્યગ્ દર્શનનો.

સમ્યકત્વ એટલે સાચી શ્રધ્ધા અને સાચી સમજણ આ જ વાતને આ નાનીશી પણ પુસ્તિકામાં ખૂબ જ સુંદર અને સચોટ રીતે સમજાવેલ છે.

પૂજ્યપાદ આચાર્યદેવની સમજાવવાની શૈલી કોઈ અનોખી જ છે તેઓશ્રી જૈન શાસનમાં એક સુંદર પ્રવચન પ્રભાવક છે. જેઓનું જીવન ખૂબ જ ઉદત્ત છે અને સ્વભાવ પણ ઉમદા છે. જે અનેકોને ધર્મ માર્ગે વાળવામાં પ્રેરણાદાયી બન્યાં છે.

અવતરણકાર પૂજ્યશ્રીએ પણ આચાર્ય ભગવંતનું આ પ્રવચન ખૂબ જ સુંદર રીતે સંકલિત કર્યું છે એ જ તેઓશ્રીની વિદ્વત્તાનું દર્શન કરાવે છે.

આ પુસ્તિકાની પ્રસ્તાવના લખવાનું પૂજ્યશ્રીએ મારા પર ઢોળ્યું. આ પ્રસ્તાવના લેખનમાં હું પહેલ વહેલા કદમ ઉઠાવું છું. તેમાં કાંઈ અપૂર્ણતા કે ક્ષતિરૂપ જણાય તેને વાંચકો ક્ષન્તવ્ય ગણશે એવી આશા.

પ્રાન્તે આ પુસ્તિકા સર્વેને સન્માર્ગે વાળવામાં સહાયક અને ઉપકારક નીવડે એવી અભ્યર્થના...

વિ. સં. ૨૦૩૫

ભા. સુ. ૪ — મહેશભાઈ એન. શેઠ.

સોમવાર — મલાડ ( ઈસ્ટ )

www.jaintatvagyanshala.org


સાધ્વીજી શ્રી ચંદ્રોદયાશ્રીજી મ. ના
૫૦૦ આયંબીલની તપશ્ચર્યા નિમિત્તે





પરમાત્મા શ્રી મહાવીર સ્વામિ ભગવાન

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



સાધ્વીજી શ્રી જયંતીશ્રીજી મ. ની શ્રી વર્ધમાનતપની
૧૦૫ મી ઓળીનિમિત્તે દર્શનાર્થે
સાધ્વીજી શ્રી કનકપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી

www.jaintatvagyanshala.org

પૂ. આચાર્ય શ્રી વિજય રામસૂરીશ્વરજી મ.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala



સાધ્વીજી શ્રી જયંતીશ્રીજી મ. ની વર્ધમાનતપની ૧૦૫
મી ઓળીનિમિત્તે સાધ્વીજીશ્રી કનકપ્રભાશ્રીજી મ. ની
પ્રેરણાથી મદ્રાસ નિવાસિ સાયરબહેન, જાલનાનિવાસિ

www.jaintatvagyanshala.org

આરતીબહેન તરફથી ગુરૂભક્તિ નિમિત્તે દર્શનાર્થે

# પૂજ્ય ગુરૂદેવના જીવનની એક ઝલક

જીવન એક ફુલની ફોરમ છે, જીવનને વિકશિત બનાવવું કે કરમાવી દેવું એ જીવનની સારી–નરસી ઘટનાઓ, વર્તણુંક અને આચાર–વિચાર ઉપર અવલંબે છે.

જો જીવન લક્ષ્યવેધિ, સચ્ચારિત્ર્યવાન બને તો તે જીવન અન્યના જીવનને સન્માર્ગે લાવવા અગત્યનો ભાગ ભજવે છે. સુવાસમય જીવનની એ...સુવાસ જ્યારે બીજાના જીવનને સ્પર્શિ જાય છે ત્યારે એ...જીવન પણ નવજીવન પામ્યાનો અનહદ આનંદ અનુભવે છે.

મહાપુરૂષો, તપસ્વી મહાત્માઓના જીવન ખરેખર સંસારના પ્રત્યેક પ્રાણી માટે પ્રેરણાદાયી, ઉત્થાનગામી હોય છે. બ્રહ્મચર્યની પ્રચંડ તાકાત અને તપના તેજથી ઝળહળતા ઓજસ્વી દેહનું દર્શન પ્રત્યેક જીવને આકર્ષે છે. સંસારની આધિ–વ્યાધિ–ઉપાધિથી ઉભરાયેલ હૃદયના ઉભરાને શાન્ત પાડવાનું અને અધઃપતનના માર્ગે જઈ ચઢેલા અભાગિ જીવને સન્માર્ગે લાવી ભાગ્યવંત બનાવવાનું અજોડ અદ્ભુત કાર્ય કરે છે–એ મહાપુરૂષો પૈકી:–

પરમ પૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ જૈન શાસનના અજોડ ચમકતા સિતારા છે. વિદ્વત્તા અને પ્રવચન પ્રભાવક શક્તિ એટલી જ અજોડ છે.

Acharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
જી[illegible] ઉત્તમ જીવનનું મૂલ્યાંકન છે.

૧૨ વર્ષની કોમળ વયમાં રમણકુમારને માતાની શુભ પ્રેરણા અને સદ્‌ગુરુની વૈરાગ્યમય વાણીનું શ્રવણ શ્રમણ બનવામાં કારણ-ભૂત બન્યું.

ભલભલા ઉત્થાનગામી આત્માઓના મનનું પરિવર્તન કરાવી નાખે તેવા ચારે તરફ પથરાયેલા ભોગ વિલાસના સાધનો, માનસિક સ્થિરતાને અસ્થિરતા ભણી ખેંચી નાખે તેવા, સિનેમા–નાટકોના ભારે બંધનોમાંથી મન ઉપર ભારે પક્કડ રાખી, નિરંજન, નિરાકાર અવસ્થાને પ્રાપ્ત કરવા શુભ–શુદ્ધ પગથાર પર પગરણ માંડવા એ... સત્ત્વશાળી વિરલ વિભૂતિ જ સમર્થ બની શકે છે.

છુપાયેલી એક વિરાટ શક્તિના સત્વ ઉપર રમણકુમારે સુંવાળા માર્ગનો ત્યાગ કરી કંટક માર્ગને અપનાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો.

ભોગવિલાસને ભોગવવા સગા–સંબંધિ–મિત્રોના અથાગ પ્રયત્નો નિષ્ફળ બનાવી ભાઈ–ભાંડુને ચોધાર આંસુએ રડતા મૂકીને પરમોપકારી ગુરુદેવ શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના પવિત્ર ચરણોમાં જીવનસર્વસ્વ સમર્પણ કર્યું : “ભોગી મટી યોગી બન્યા” ... ... નવજીવનનો પ્રારંભ થયો.

તીક્ષ્ણ બુદ્ધિ, યાદશક્તિ અને અધ્યયનની ઉત્કંઠાના ત્રિવેણી સંગમે જીવન જ્ઞાનધનથી સમૃધ્ધ બનવા લાગ્યું. સરસ્વતીની ઉપાસના અને ગુરુદેવના અમીભર્યા અંતરના આશીર્વાદે ખરેખર સાધનાની સિધ્ધિ–અપાવી દીધી.

ઉદયાચલે ઉગેલા સૂર્યનું દર્શન જેમ આંખને આનંદ આપે છે તેમ સાધનાની સિધ્ધિને વરી ચુકેલા એ...તેજસ્વી યોગી સર્વના મનને પ્રફુલ્લિત કરનારા, ચક્ષુને હર્ષાશ્રુથી ભીની કરનાર બન્યા.

જૈનદર્શન, સંસ્કૃત, પ્રાકૃત, ન્યાય, જ્યોતિષ, સાહિત્યાદિ મહા-ગ્રંથોના અજોડ વિદ્વાન તરીકે બહાર આગમન થયું.

www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tattvagyanshala

તેઓશ્રીની વિદ્વત્તા, શાસનપ્રભાવના કરવાની પ્રભાવક શક્તિ જોઈને સમસ્ત જૈન સંઘે પૂ.શ્રીના ગુરુભ્રાતાના વરદ હસ્તે આચાર્ય પદથી વિભૂષિત કર્યા.

વાણીની આકર્ષક શક્તિથી વૈરાગ્યવાસી બનાવી અનેક આત્માઓને મહાપંથના: યાત્રી બનાવી રત્નત્રયિના આરાધક બનાવ્યા. [જ્ઞાન–દર્શન–ચરિત્ર]

પોતાના શિષ્યાદિ પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિચરતાં પ્રેરણાની પરબનાં પાણીનું પાન કરાવડાવી અતૃપ્તિની તરસ છીપાવી જન–મનને ધર્મ સન્મુખ કરીને જ્ઞાન દીપકના અજવાળે અજવાળે સન્માર્ગને ચિંધનારા બન્યા.

જૈન શાસનની પ્રભાવનાના અનેક ધાર્મિક અનુષ્ઠાનો, પ્રગતિના કાર્યો પૂ.શ્રીની સરલ અને સચોટ વાણીના પ્રભાવે થવા લાગ્યાં.

જૈન મંદિરોના નવનિર્માણ, જિર્ણોધ્ધાર, અંજનશલાકા (પંચકલ્યાણક મહોત્સવ) પ્રતિષ્ઠાદિ આદિ લક્ષ્મીને સન્માર્ગે વાળવાના અને સંસારની કાળઝાળ આધિ–વ્યાધિરૂપ એકસરખા લોખંડી ઘાથી ભાંગીને ભુક્કો થઈ ગયેલા ભગ્ન હૈયાને સજીવન કરી આનંદ પ્રગટાવવાવાળા ઉત્તમ કાર્યો થવા લાગ્યા.

પાપકર્મોના કચરાને બાળીને ભસ્મ કરી દેનાર ઉપધાનાદિ વિવિધ પ્રકારના તપ અનુષ્ઠાનો પૂ.શ્રીની સાનિધ્યમાં અનેક ભાવિક આત્માઓ કરવા લાગ્યા.

મહાપુરૂષોના ડગલે ને પગલે નિધાન પ્રગટે છે તેમ, સર્વત્ર વૈરાગ્યનો વાયુ વાવા લાગ્યો અને મોહ–કષાયોની ગરમી ઉડવા લાગી.

પૂજ્ય ગુરૂદેવને હરપળે જ્ઞાનાભ્યાસની–પઠન પાઠનની તીવ્ર ઉત્કંઠા રહેતી હતી. પ્રાણીમાત્ર જ્ઞાનદર્પણમાં પોતાના સત્ય સ્વરૂપને ઓળખે એવી અંતરમાં શુભ અભિલાષા અભંગ હતી.


www.jaintattvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
જ્ઞાન સરોવરમાં જ્ઞાનાભિલાષિ આત્માઓ તૃષા દૂર કરે અને એ... સરોવરનું જળ નિયમિત મળતું રહે એવા સરોવરના નિર્માણની એક શુભ ભાવના અંતરના ઉંડાણમાંથી પ્રગટી હતી. એ... ભાવનાનુસાર આજથી ૨૧ વર્ષ પૂર્વે અમદાવાદ શહેરમાં અનેક ધનપતિઓના આર્થિક સહકારપૂર્વક "આચાર્યશ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્વજ્ઞાન શાળા" નામાભિધાનવાળી જ્ઞાનશાળાનો મંગલ પ્રારંભ થયો હતો.

પૂ. ગુરૂદેવની ભાવનાએ ભવ્ય સ્વરૂપ ધારણ કર્યું. દિનપ્રતિદિન પ્રગતિના પંથે પ્રયાણ કરતી જ્ઞાનશાળાના ટ્રસ્ટે નૂતન વિદ્યાભવનનું પૂ.શ્રીની પ્રેરણા અને આર્થિક સહકારના એકધારા પ્રવાહના યોગે નિર્માણ થયું. આજે એ જ્ઞાનશાળા ત્યાગી આત્માઓ, ત્યાગાભિલાષિ આત્માઓ દ્વારા કરાતા અધ્યયનથી શોભી રહી છે.

મુંબઇ, મંડાર, જાલોર, શીવગંજ, કુવાલા, આકોલા કલકત્તા વિગેરે ક્ષેત્રોમાં શ્રી ઉપધાન તપનું અનુપમ અનુષ્ઠાન કરાવવાની સાથે.

મુંબઇ, વાંદરા અને મંડારમાં ચાણોદ આકોલા શાનદાર ઐતિહાસિક અંજનશલાકા–પ્રતિષ્ઠા, આકોલા–વિરાર આદિ ક્ષેત્રોમાં નૂતન જિનાલયના નિર્માણના સુવર્ણ કાર્યો તેમજ વિવિધ પ્રકારના અનેક ચિરસ્મરણીય કાર્યો પૂજ્યશ્રીનાં સાનિધ્યમાં થયા છે.

**વંદન હો કોટિ કોટિ....**

**-પૂજ્ય ગુરુદેવના....**

**ચ ર ણ ક મ લ માં.**

**卐 મુનિ અભયચંદ્ર વિજય**

**શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય,**
૧૨, પાયધુની, મુંબઈ ૪૦૦ ૦૦૩.
વિ. સં.૨૦૩૫ ભાદરવા સુદ ૪.

www.jaintatvagyanshala.org

# સમ્યગ્ દર્શન

सम्यद्गर्शनशुद्ध, यो ज्ञानं विरतिमेव चाप्नोति. ।
दुःखनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म. ॥

## સમ્યગ્ દર્શનની જરૂર

જીવનમાં સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ ચારિત્રની પ્રાપ્તિ થાય તો જ માનવ જન્મ પ્રશંસનીય બની શકે છે. એ રત્નત્રયીમાં પણ જ્યાં સુધી સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ ન થાય. ત્યાં સુધી જ્ઞાન અને ચારિત્ર સમ્યગ્ સ્વરૂપે બનતા નથી, એટલે બન્નેને સમ્યગ સ્વરૂપમાં મુકવા માટે સમ્યગ્ દર્શનની જરૂર પડે છે.

જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા તત્ત્વરૂપ પદાર્થો ઉપર શ્રદ્ધા કરવી તેને સમ્યગ્ દર્શન કહેવામાં આવે છે. એ સમ્યગ્ દર્શન જીવને જ્યારે ભવ્યત્વ નામનો પરિણામ પરિપકવ થાય ત્યારે આવે છે. સમ્યગ્ દર્શન પામ્યા પછી જીવ ઉત્તરોત્તર દેશવિરતિ, સર્વવિરતિ, તરફ આગળ વધે છે.

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
જીવનમાં સમ્યગ્ શ્રદ્ધા વગરનું ગમે તેટલું આચરણ કરવામાં આવે તો તે પૂર્ણ ફલ સ્વરૂપે બનતું નથી. તામલી તાપસ દુષ્કર તપ કરવા છતાં તે તપવડે કર્મનો જડમૂળથી નાશ ન કરી શક્યો.

## તામલી તાપસનું દૃષ્ટાન્ત

તામ્રલિપ્તિ નગરીના તામલિ નામના શેઠે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી તાપસિ દીક્ષા ગ્રહણ કર્યા બાદ હંમેશાં છઠ્ઠના પારણે છઠ્ઠ કરતો. બન્ને બાહુ ઉંચા રાખીને સૂર્ય સામે દ્રષ્ટિ રાખી ધ્યાનમાં ઉભો રહેતો. પારણામાં નગરમાં ફરી દાળ-શાક સિવાય કુરીયા વિગેરેનું સાદું ભોજન ભિક્ષામાં લાવતો. ભિક્ષામાં મળતા ભોજનમાંથી ચાર ભાગ પાડતો. એક ભાગ સ્થલચર પ્રાણીઓ માટે, એક ભાગ જલચર પ્રાણીઓ માટે, એક ભાગ ખેચર પ્રાણીઓ માટે અને એક ભાગ પોતાના માટે, ત્રણ ભાગ તો પ્રાણીઓને આપી દેતો. પોતાના માટેનો જે એક ભાગ રહેતો તે એકવીશવાર પાણીથી ધોઈ નીરસ ભોજન વડે તે પારણું કરતો આવી રીતે તેણે ૬૦ હજાર વર્ષ સુધી તપ કર્યો, તે તપ વડે તે બાલતપસ્વીનું શરીર સાવ સુકાઈ ગયું. હાડકા ખખડવા લાગ્યા.

તામલિ તાપસ વિચાર કરે છેઃ 'હવે હું જીવના બલ વડે જ ચાલું છું. શરીર તો સાવ નિષ્ક્રિય થઇ ગયું છે, તેથી કાલે શરીરનો ત્યાગ કરૂં.' ત્યારબાદ આશ્રમનાં ઈશાનખુણામાં પોતાના દેહપ્રમાણ મંડલ બનાવ્યું, તેમાં આત્મધ્યાન ધ્યાવવા બેસી ગયો, અને બે મહિનાનું અણસણ કરી, મૃત્યુ પામી ઇશાન દેવલોકમાં ઈન્દ્રપણે ઉત્પન્ન થયો. શાસ્ત્રમાં આવે છે કે જો તામલિ તામસનો સમ્યગ્ જ્ઞાનયુક્ત તપ હોત તો તે તપ વડે સાત આત્માઓ કર્મ ક્ષય કરી મુક્તિને મેળવી શકત. તપમાં આટલું સામર્થ્ય હોવા છતાંય તામલિ તાપસ ફકત ઈશાન દેવલોકનો જ ઇન્દ્ર બન્યો.


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala


આપી શકતું નથી.

## મિથ્યાત્વરૂપી રોગ

રોગી અવસ્થામાં ડોકટર પાસે ગયા પછી તેની સલાહ સૂચના પ્રમાણે આચરણ કરવું પડે છે તેવી જ રીતે જો અનાદિકાલીન મિથ્યાત્વરૂપી રોગને દૂર કરવા માટે ગુરુઓ પાસે જઇ તેમની સલાહ સૂચના પ્રમાણે આચરણ કરવામાં આવે તો જરૂર નિરોગી બની શકાય, પણ ખેદની વાત તે એ છે કે સંસારી જીવ મોહની માયાજાળમાં એટલો તો ફસાયેલો રહે છે કે કોઈનું સાંભળવા તૈયાર નથી હોતો. "શ્રી શુભશીલગણિ" મહારાજે "પ્રબંધ પંચશતી"માં કહ્યું છે.

संसारम्मि असारे. नत्थि सुहं वाहिवेअणापउरे, ।
जाणंतो इह जीवो, न कुणइ जिणदेसिअं धम्मं ॥

મોહાન્ધ બનેલા જીવો દુઃખના જાળામાં ફસાઈ એ જાળામાં જ વિનાશ પામે છે.

## ચંદ્રશેઠનું દ્રષ્ટાન્ત

શ્રીપુર નગરમાં ધનશ્રેષ્ઠિ ખૂબ જ ધનવાન હતા. તેમની પત્નિનું નામ ધનશ્રી હતું. સમૃદ્ધિની છોળોમાં ઉછરતો, દાસદાસીઓ વડે લાલન-પાલન કરાતો શેઠનો એકનો એક પુત્ર ચંદ્ર વૃદ્ધિ પામી રહ્યો હતો. યોગ્ય વયનો થતાં માત-પિતાએ નામ પ્રમાણે ગુણવાળી રૂપ-રૂપના અંબાર સમા રૂપશ્રી નામની શ્રેષ્ઠિ કન્યા સાથે પાણિગ્રહણ કરાવ્યું. મા-બાપની આશા ઠગારી નીવડી. ચંદ્ર પત્નિના રૂપમાં અંજાઇ ગયો.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

એક દિવસ રૂપશ્રી પતિને કહેવા લાગી. તમારા મા–બાપ આખો દિવસ જેમ તેમ બબડે છે એટલે મને સાથે રહેવું નહિ પાલવે.

અને...પત્નિની સૂચનાનુંસાર ચંદ્ર મા–બાપના ના પાડવા છતાં પત્નિને લઈને પરદેશ જવા ચાલી નિકળ્યો.

વર્ષો સુધી જે પુત્રના મળ–મૂત્ર સાફ કરીને, અને સંપૂર્ણસાર સંભાળ રાખીને મોટો કર્યો તેજ પુત્ર પરણ્યા પછી પત્નિના પ્રેમની નદીમાં તણાઈ જાય છે. ખરેખર કર્મની વિચિત્રતા ગહન છે.

માર્ગમાં ચાલતાં ચાલતાં ગરમીના પ્રવાસને કારણે રૂપશ્રીને તરસ લાગી અને તેથી ચંદ્રને કહે છે. નાથ...? મને એટલી બધી તૃષા લાગી છે કે જીવન ટકાવવું મુશ્કેલ છે ત્યારે ચંદ્ર કહે છે આગળ ચાલ. કોઈ સરોવર આવશે ત્યારે તને પાણી લાવી આપીશ.

બન્ને આગળ ચાલ્યા. આગળ ચાલતાં દૂર દૂર એક સરોવર દેખાતાં રૂપશ્રી બોલી હવે મારાથી એક ડગલું ચાલાય તેમ નથી માટે હું અહિં ઝાડની છાયામાં બેઠી છું તમે સામે દેખાતા સરોવરમાંથી પાણી લઈ આવો.

પત્નિના રૂપદીપના કોડિયામાં પતંગીયુ બની ડુબી ગયેલો ચંદ્ર તરત જ સાધન લઈ સરોવર તરફ રવાના થયો. આગળ જતાં માર્ગમાં સિંહ જોયો. છતાં જીવનને તૃણ સમાન ગણીને તેની પરવાહ કર્યા વગર સરોવરે ગયો અને ભાજનમાં જલ ભરી પાછો આવ્યો. તૃષાથી પીડાતી રૂપશ્રીને પાણી પાઇ આગળ ચાલવા લાગ્યા. થોડી મુસાફરીને અંતે એક ગામ બહાર કુવાના કાંઠે આવી રોકાયા. પત્નિને ત્યાં રાખીને ચંદ્ર ગામમાં ભોજન લેવા ગયો.

આ તરફ કુવાના કાંઠાથી થોડે દૂર પાંગળો કોઢવાળો એક માણસ બેઠો

www.jaintatvagyanshala.org

હતો. તેના કંઠમાં મધુરતા ભરી રહી Acharya Shri Kailassagarsuri Gyanmandir Jain Tatvagyanshala
હતી. સુંદર ગાયન ગાઈ રહ્યો હતો.

કુવાના કાંઠા ઉપર બેઠેલી રૂપશ્રી કોઢીયાના સંગીતમાં એકતાન બની ગઈ. તેના પર મોહિત બની પાસે જઈને કહે છે; 'હું તને મારો પતિ બનાવવા માંગુ છું, તું મારો સ્વીકાર કર.''

પંગુ તો આ સાંભળી ચકિત બની ગયો, અને કહેવા લાગ્યો; અરે...મુગ્ધે! કયાં તું રૂપસુંદરી અને કયાં હું કદરૂપ! કયાં માનસરોવરમાં રહેવાવાળો હંસ અને કયાં વિષ્ટા ખાવાવાળો કદરૂપો કાગડો. તું આવું અજુગતુ બોલી મને શરમાવ નહિ.

થોડીવારમાં ચંદ્ર નગરમાંથી ભોજન લઈને આવી ગયો. જમવા ટાઈમે રૂપશ્રીએ ચંદ્રને ભોજનના ત્રણ ભાગ કરવાના કહ્યા. ચંદ્રે તે પ્રમાણે કર્યું. ત્રણે જણ જમી રહ્યા પછી પતિને સમજાવીને પંગુને સાથે લીધો. બન્ને જણ વારાફરતી તેને ખભા ઉપર બેસાડી ચાલતાં ચાલતાં કોઈક નગરની સીમમાં આવી પહોંચ્યાં.

રૂપશ્રી હવે મનથી કદરૂપી બની ગઈ હતી, તે પંગુને ચાહતી હતી, ચંદ્રને નહિ.

રૂપશ્રી ગામ વચ્ચે બોલવા લાગી, આ માણસ મને ઉપાડી લાવ્યો છે. અને આ પંગુ મારો પતિ છે તેને હેરાન કરે છે. આ રીતે ચંદ્રને ઉઠાવગીર બનાવી ગામમાં હોબાળો મચાવી દીધો. આ વાત ઉડતી ઉડતી રાજાના કાને ગઈ, બધો મામલો રાજા પાસે ગયો. રાજાએ રૂપશ્રીને પૂછ્યું; ''શાની ધમાલ છે?''

રાજન્! આ માણસ મને અને આ મારા પંગુ પતિને

www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બળજબરીથી ઉપાડી લાવ્યો છે અને અમને હેરાન કરે છે. મારો પતિ પંગુ છે, તે નથી.

રૂપશ્રીની આવી વાત સાંભળી રાજાએ ચંદ્રને દોષિત ગણી નગરમાંથી હાંકી કાઢયો.

રાજાથી અપમાનિત થયેલો અને પત્ની વડે ખોટા આળથી કલંકિત બનેલો ચંદ્ર સંસારની અસારતાને વિચારી તેનો ત્યાગ કર્યો.

**સંસારની** વિષમતાનો ખ્યાલ **લઈએ** તો જ આ પદાર્થો **ઉપર** **શ્રદ્ધા જાગે અને** સંસારની વિષય-વા**સના** ઉપર તિરસ્કાર જાગે (થાય) **પણ...મોહના** આવરણને લીધે મોહાન્ધ જીવના નેત્રો એવા બની ગયા છે કે દુનિયાના અસત્ પદાર્થોમાં એ દોષ જોઇ શકતો નથી. અને સત્ પદાર્થોમાં રહેલા ગુણોને ગ્રહણ કરી શકતો નથી, એટલે આવા આવરણને દૂર કરવા માટે જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું અવલંબન અક્ષિર ઔષધ છે.

એક રીતે જોવા જઈએ તો આ જગતમાં જન્મ પામવો એ જ મહદ્દુઃખનું કારણ છે. કારણ કે શરીર ન હોય તો આધિ-વ્યાધિ-ઉપાધિ આવવાનો સંભવ જ નથી. ત્યારે...બીજી રીતે ખ્યાલ કરીયે તો માનવજન્મ સિવાય સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ ચારિત્રની આરાધના નથી. રત્નત્રયીની આરાધના વગર મોક્ષમાર્ગની પ્રાપ્તિ નથી. એટલે આનો એક જ ઉપાય છે કે માનવ જન્મ પામ્યા પછી પાંચ ઇન્દ્રિયોરૂપી ઘોડાને લગામ નાખી કાબૂમાં રાખવા પુરુષાર્થ કરવો જોઈએ, સાથે નિયમરૂપી ચાબૂક હાથમાં રાખવી જોઇએ, પછી તાકાત નથી કે એ ઘોડાઓ બેકાબૂ બની શકે.

## કર્મરાજાનો ટેક્ષ

મકાન માલિક વર્ષ માટે પોતાનું ઘર બંધ કરીને પરદેશ ચાલ્યો ગયો હોય પણ જતી વખતે મ્યુનિસિપાલિટી પાસે નળનું કે ઇલેકટ્રીકનું


www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

જોડાણ કમાવ્યું ન હોય તો તેનો ઉપયોગ નહિ કરવા છતાં ટેક્ષ ભરવો પડે છે તેમ નિયમ વગરના જીવનમાં પાપ કરો કે ન કરો છતાં કર્મરાજા તરફથી કર્મબંધન રૂપી ટેક્ષ લાગ્યા જ કરતો હોય છે. ઉન્નતિના સોપાન ચઢવા માટે નિયમરૂપી કઠેડાના અવલંબનની જરૂર છે.

નિયમ એટલે કાર્ય કરવામાં મનની નિશ્ચલતા, નિશ્ચલતાવાળો માણસ જ ધારેલા કાર્યોને કરી શકે છે. સંશયવાળો માણસ વિનાશ પામે છે—પોતાનું સર્વસ્વ ગુમાવે છે.

બ્રાહ્મણને દક્ષિણામાં બકરી મળી હતી, તે બકરીને લઈને પોતાના ગામ તરફ જઈ રહ્યો હતો. માર્ગમાં મોટું જંગલ આવે. જંગલમાં ચોરોનો ભય પણ ખરો.

થોડે દૂર ગયા પછી સામેથી ત્રણ ચોર મલ્યા. ત્રણે ચોરોએ પરસ્પર નક્કી કર્યું. આપણે સામે આવતા બ્રાહ્મણનું વારાફરતી તેની પાસે જઈ કુતરું કહી બકરું લઈ લેવું.

કેમ છો ભૂદેવ ? ઘણા જ આનંદમાં ભાઈ ! પણ ભૂદેવ ! આ કુતરું લઈને ક્યાં ચાલ્યા ? બ્રાહ્મણ તો કુતરાની વાત સાંભળી વિચારમાં પડી ગયો કે મારી પાસે બકરું છે ને આ કુતરું કેમ કહે છે.

ત્યાં તો બીજો ચોર આવ્યો અને બોલ્યો. રામ રામ મહારાજ ? રામ–રામ...ભાઈ ? અરે...તમારા જેવા શુદ્ધ બ્રાહ્મણ આ કુતરાને સાથે લઈ જાય એ સારૂ નથી લાગતું.

પણ...આ તો બકરૂ છે મને દક્ષિણામાં મલ્યું છે. છેતરાયા ત્યારે તો...? દક્ષિણા દેવાવાળા શેઠે બકરાના બદલે કુતરૂ વળગાડયું છે કુતરૂ ?


www.jaintatvagyanshala.org

Aacharya Vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala

બન્નેએ જ્યારે કુતરાની વાત કરેલાથી બ્રાહ્મણને વધારે શંકા પડવા લાગી. કે શું ખરેખર હું કુતરૂ પકડી જાઉં છું ? બીજો ચોર ચાલ્યો ગયો. થોડીવારે ત્રીજો ચોર સામેથી આવ્યો.

જયશ્રી કૃષ્ણ ભૂદેવ...? જયશ્રી કૃષ્ણ...ભાઇ ? કયાં જઈ રહ્યા છો ? મારા ગામે જઉં છું ? બ્રાહ્મણે કહ્યું.

પણ...આ કુતરાને સાથે લઇને ? તો તો ગામમાં ફજેતી થશે. અને લોકો બોલશે આ તો કઇ જાતનો બ્રાહ્મણ ? જેને અડવાનું ય ના હોય તેને પકડીને લાવ્યો છે.

ત્રણ ત્રણ પાસેથી કુતરાની વાત સાંભળી બ્રાહ્મણે બકરાને છોડી દીધું અને આગળ ચાલવા લાગ્યો.

પોતાના મનની અનિશ્ચિતતાના કારણે તેણે બકરૂ ગુમાવ્યું એટલે નિર્ણિત દશાવાળો માણુસ જ કાર્ય સાધી શકે છે.

નિયમનું પાલન કરવાની નિશ્ચલતા સત્વ વગર આવતી નથી સત્વ ન હોય તો જીવનનો કોઇ અર્થ નથી કારણ કે સત્વ જીવનનો મુખ્ય ગુણ છે. અને કસોટીમાં સત્વને જાળવી રાખે તો જ જીવનની કિંમત છે જૈનનું સત્વ શું ? સમ્યગ્ દર્શન સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર.

મિથ્યાત્વનો સંબંધ તોડીયે એટલે સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય. અજ્ઞાનનો સંબંધ તોડીયે એટલે સમ્યગ્ જ્ઞાન પ્રાપ્ત થાય, અવિરતિનો સંબંધ તોડીયે એટલે સમ્યગ્ ચારિત્ર પ્રાપ્ત થાય, એ પ્રાપ્ત થયેલી રત્નત્રયિ જ અપૂર્વ પદાર્થ છે; પરંતુ સ્થિતિ એવી થઇ ગઇ છે કે જીવ અર્થકામ પાછળ એટલો તો પાગલ બની ગયો છે કે વીર્ય ફોરવવા માટે શક્તિશાળી બનતો નથી, હિન દશામાં પટકાઈ

Aacharya Vijaybhuvanchandrasuriswarji Jain Tattvagyanshala
જાય છે, આત્મા કર્મ સત્તાને આધીન થયેલો આપણો આત્મા વીર્ય ફોરવવાની સ્થિતિમાં હોતો નથી. કે મોહરાજા શરણાગતિ સ્વીકારવાની ફરજ પડે છે.

આત્મા જ્યાં સુધી વિભાવ દશામાંથી સ્વભાવ દશામાં ન આવે ત્યાં સુધી મોહરાજાવડે ભાંગી નંખાયેલી કમ્મરમાંથી બેઠો થઇ શકવાનો નથી.

## ગુણોનું આગમન

બુદ્ધિની વિપરિતતા એટલે સુધી વધી ગઇ છે કે ધર્મ આરાધનાના ક્રિયાકાંડોને બહિર્ભૂત કહીને દૂર દૂર ભાગતો ફરે છે પણ કામના સાધનો કે જે ખરેખર બહિર્ભૂત છે તેને બહિર્ભૂત તરીકે માનતો નથી.

બહિર્ભૂત સાધનોને બહિર્ભૂત રીતે માને તો જ આત્મગુણોને ખુલ્લા કરવા વાળા સાધનો ઉપર રૂચી–પ્રેમ પ્રગટ થાય, રૂચી–પ્રેમ પ્રગટ થતાં સ્હેજે ગુણોનું આગમન થશે.

ક્રિયાકાંડ વિગેરે બહિર્ભૂત સાધનોની જરૂર નથી એ માન્યતા ભૂલ ભરેલી છે. આત્માઓને ધર્મ સાધક બહિર્ભૂત સાધનોની અવશ્ય જરૂર રહે છે.

સીડી ચડતી વખતે દોરડું-કઠેડો વિગેરેના આલંબને પડે નાનું બાળક ધીમે ધીમે ઉપર ચડે છે, તે આલંબન ન હોય તો ઉપર ચડી શકતો નથી. મોટા વ્યકિતઓને ઉપર ચડવા દોરડું કે કઠેડાનું આલંબન ન હોય તો પણ ચડી શકે છે છતાં સીડીની જરૂર તો રહેજ છે તેમ આત્મા જ્યારે ઉચ્ચ કક્ષાને પ્રાપ્ત કરે ત્યારે તેને


www.jaintattvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
પ્રાથમિક [illegible] કક્ષાના આત્માને ઉચ્ચકક્ષાએ પહોંચવા માટે બહિર્ભૂત સાધનોના આલંબનની જરૂર અવશ્ય પડે છે એટલે આવશ્યક ક્રિયાકાંડોનું આચરણ અને નિયમથી યુક્ત જીવન બનાવવું જોઇએ.

## નિયમની જરૂર

આપણને મળેલું મન એક જાતનુ વાંદરૂ છે જેમ તેલ-ઘી વાળાની દુકાનમાં વાંદરૂ રાખવામાં આવ્યું હોય પણ જો તેને સાંકળ બાંધેલી ન હોય તો એ વાંદરૂ તેના ચંચળ સ્વભાવના કારણે કુદાકુદ કરીને તેલ-ઘીના વાસણો ઉંધા વાળી નાખે અને નુકશાની કરે તેમ આપણા મનરૂપી વાંદરાને નિયમરૂપી સાંકળ લગાવવામાં નહિ આવે તો આપણા આત્માનો શાન્તરસ રૂપી તેલ ઘીનો નાશ કરી નાખશે.

જિનેશ્વર ભગવંતોને પણ નિયમની જરૂર પડે છે પછી આપણે કોણ? જિનેશ્વર ભગવંતો ચારિત્ર ગ્રહણ કરતાં પહેલાં 'કરેમિભંતે'ના નિયમનો સ્વીકાર કરે છે અને એ નિયમ સ્વીકારતાંની સાથે ચતુર્થ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

સમ્યકત્વ પામવા માટે પણ નિયમની જરૂર પડે છે. અનંતકાલથી આપણા આત્મા ઉપર ચઢી ગયેલા વાસનારૂપી કાટને દૂર કરવા માટે પ્રવૃત્તિ જોઈશે અને એ પ્રવૃત્તિ કરવા માટે નિયમ જોઈશે.

નિયમ વગરના જીવની એવી પરિસ્થિતિ હોય છે કે સંયોગો પલટાતાં પોતે પણ પલટાઇ જાય છે. સ્થિર કે નિશ્ચલ રહી શકતો નથી કારણ કે મનથી ગમે તેટલું ત્યાગ કર્યું હોય છતાં ત્યાગ

www.jaintatvagyanshala.org

કહેવાતા [illegible] કરેલું
Aacharya Vijay Shri Sutendrasuriswarji Jain Tattvagyanshala
ત્યાગ કરી દે છે.

જ્યાં સુધી જન્મ જન્મનો (સંસારનો) નાશક ન બને ત્યાં સુધી શાસ્ત્રોમાં જન્મનાશક જે જે ઉપાયો કહ્યા છે તે તે ઉપાયોને જીવે સ્વીકારવા જ પડે છે તેના સ્વીકાર વડે ચાર કષાયોના ચક્કરમાં ઘસડાઈ રહેલા આપણા આત્માને સ્થિર કરી શકીશું. બાકી અનંતીવાર જન્મ લીધો અને મર્યા, જાતજાતના શરીરો ધારણ કર્યા ને નાશ પામ્યા, એવા નાશવંત શરીર ઉપર શું મોહ કરવો? અશુચીથી ઉત્પન્ન થયેલા શરીરની પ્રકૃતિ જ એવી છે કે તેમાં નંખાતા પવિત્ર પદાર્થોને અપવિત્ર બનાવી દે છે.

વિષ્ટા–મૂત્રની કોથળી સ્વરૂપ શરીરને બાહ્ય વસ્તુથી પવિત્ર બનાવવાનો વિચાર શું ભુલભરેલો નથી?

મમત્વ અમૃત પણ છે અને વિષ પણ છે. સંસાર ઉપરનું મમત્વ વિષ છે, જ્યારે ધર્મ ઉપરનું મમત્વ અમૃત સમાન છે.

## કર્મભૂમિ-અકર્મભૂમિ

અકર્મભૂમિમાં ઉત્પન્ન થનારા યુગલીકોને કોઈપણ જાતની ઉપાધિ હોતી નથી; કારણ કે તેમના જીવનની જરૂરિયાતો કલ્પવૃક્ષો પૂરી પાડે છે. કર્મબંધનું કોઈ કારણ રહેતું નથી. આયુષ્યના છ માસ બાકી હોય ત્યારે યુગલને જન્મ આપે, એના પાલન–પોષણની પણ ચિંતા નહિ. આવું સુખમય જીવન હોવા છતાં જ્ઞાની ભગવંતોએ એ અકર્મભૂમિની પ્રશંસા ન કરતાં કર્મભૂમિની પ્રશંસા કરી કારણ કે કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલા આત્માઓ જ રત્નત્રયીને પ્રાપ્ત કરી તેની આરાધના વડે મોક્ષ પામી શકે છે.

www.jaintattvagyanshala.org

કર્મભૂમિમાં ઉત્પન્ન થયા પછી જીનેશ્વર ભગવંતના શાસનમાં
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
ધર્મથી યુક્ત માનવભવ મલ્યા પછી જીનેશ્વર ભગવંત કથિત માર્ગને આચાર–વિચાર–અનુષ્ઠાનને પચાવવા માટે શ્રદ્ધા રૂપી જ્હેરને તેજ બનાવશું તો તે પચાવી શકીશું નહિતર તે અર્જિણુરૂપે પરિણમી વિકૃત થઈ જશે એટલે આત્માને તેના દ્વારા મોક્ષે જવાની જે શક્તિ મળવી જોઇએ તે નહિ મળે.

## પ્રકાશ અને અંધકાર

આપણા આત્મામાં કેટલા પ્રમાણમાં પ્રકાશ અને અંધકાર પડયો છે તેનો ખ્યાલ કયારેય લીધો છે? આત્મારૂપી કોડીયામાં રહેલુ ઘી મોહ અજ્ઞાન રૂપી કાળો કુતરો પી રહ્યો છે ઘીના અભાવથી દીવેટનો પ્રકાશ ઝાંખો થતો જાય છે છેવટે પ્રકાશનું પ્રમાણ ઘટી અંધકાર પ્રમાણુ વધતું જાય છે અને એ અંધકારમાં આ જીવન નાવ અથડાતી કુટાતી મોહની શીલા સાથે ભટકાઈને ભાંગીને ભુક્કો થઈ જાય છે એટલે આપણો સર્વનાશ આપણા જ હાથે થાય છે માનવીને બહારના અંધકારથી જેટલી બીક લાગે છે તેટલી અંદરના અંધકારથી લાગતી નથી.

આત્મ સાધનામાં આળશ દૂર કરીને જાગૃતિ ન આવે ત્યાંસુધી અંતરનો અંધકાર દૂર નહિ થાય. આળશ દુર્ગુણરૂપી મચ્છરોને ખેંચી લાવે છે.

## શાસ્ત્રનું શ્રવણ

શાસ્ત્રનું શ્રવણ હંમેશા કરીયે, વાંચન કરીયે, ધર્મના જાણકાર હોઇએ પણ એ શ્રવણ–વાંચન કે જાણ વૃત્તિથી જીવનમાં ફેરફાર ન થાય, તેને આચરણમાં ન મુકતા હોઈએ તો એ સાંભળેલા–જાણેલાનો કોઇ અર્થ નથી થોડું સાંભળો થોડું સમજો પણ તેને આચરણમાં

www.jaintatvagyanshala.org

Aacharya vijayshri Surendrasuriswarji Jain Tatvagyanshala

મુકો. કોઈ પણ અધુરૂ વાંચન કે અધુરૂ શ્રવણ જીવનને અધુરૂ જ રાખે છે અને કોઈ કોઇ વખત અનર્થ સર્જી દે છે.

શાસ્ત્ર શ્રવણ-વાંચન વિના અજ્ઞાનના અંધકારમાં અટવાતો જીવ બાહ્ય સુખ સામગ્રીમાં મહાલતો હોય છે અને એ સુખ ભોગ પછી આવનારૂ દુઃખ વિસારે પડી જાય છે, દુઃખની કલ્પના માત્ર પણ કરી શકતો નથી.

**દૃષ્ટાંત :**

એ રાજાના રાજમહેલમા એક માલણ હંમેશા આવે અને રાજાના શયનખંડમાં રાજા માટે ફુલશય્યા તૈયાર કરે. આ નિત્યક્રમ ચાલ્યા કરે છે.

એક દિવસ માલણને ફુલશય્યા તૈયાર કર્યા પછી વિચાર આવ્યો કે મહારાજા હંમેશા આ ફુલશય્યામાં સુવાનો આનંદ માણે છે. મહારાજાને આવવાની હજુ વાર છે તો ત્યાં સુધી લાવને હું સૂઈ જાઉં ! મહારાજા આવ્યા પહેલાં ઊઠી જઇશ. આમ વિચારી માલણ એ ફુલશય્યા ઉપર સૂઈ ગઈ.

ફુલશય્યાની સુગંધ, મુલાયમતાને લઇને સુતાંની સાથે જ ઊંઘી ગઈ. રાજાને આવવાનો સમય થઇ જવા છતાં ગાઢ નિંદ્રામાં પોઢેલી માલણ ઊભી ન થઈ શકી.

સમય થતાં મહારાજા શયનખંડમાં આવી પહોંચ્યા. શય્યા તરફ નજર કરતાં જ દિગ્મૂઢ બની ગયા. અને બીજી જ પળે ક્રોધથી લાલચોળ થઈ ગયા, અને મનોમન બબડી ઉઠયા.

નાદાન...? માલણની આટલી બધી હિંમત ! વાહ...! કેવી બેફિકરાઈથી ઊંઘી રહી છે?

શયનખંડમાંથી બહાર નીકળી સેવકોને હુકમ કર્યો: 'જાવ, એ... કમબકત માલણને ઉઠાડી પકડી લાવો.'



www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji jain Tatvagyanshala
મહારાજાની આજ્ઞા થતાં જ સેવકોએ શયનખંડમાં આવી માલણને ઉઠાડી. ભરનીંદ્રામાંથી આંખ ચોળતી ઊભી થયેલી માલણ સેવકોને જોઈને બહાવરી બની ગઇ, અને દિલમાં એક ભયની કંપારી આવી ગઇ કે આજે જરૂર મહારાજા મને ભયંકર સજા કરશે. અરે....રે, નાહક હું અહિં સુઇ ગઈ.

ત્યાં મહારાજાનો સત્તાવાહી અવાજ આવ્યો. જુવો છો શું ? એ નાદાન સ્ત્રીને સો ફટકા મારવાનું ચાલુ કરો. એને સજા થવી જ જોઈએ, જેથી ફરી આવી ભૂલ થાય નહિ.

ફટકા મારવાની સજા સાંભળી માલણ ધ્રુજી ઊઠી. પણ મગજમાં એક વિચાર સ્ફુરી જતાં રડવાને બદલે જોરથી હસવા લાગી.

આ સંજોગોમાં હસતી માલણને જોઈ ઘડીભરતો રાજા પણ નવાઇ પામી ગયો, અને માલણને પૂછ્યું : "તું શા માટે હસે છે ? શું તને સજાનો ભય નથી ?"

નહિ રાજન ! સજાનો ભય તો છે; પરંતુ આપનો વિચાર આવતાં હું રડી શકતી નથી.

મારો વિચાર ! મારા સંબંધમાં એવું તો શું છે કે તને હસવું આવે છે ?

રાજન ! હસવું એટલા માટે આવે છે કે જો થોડો સમય ફુલશય્યા ઉપર સુઇ જવાથી આવી સજા થતી હોય તો જે મહારાજા હરહંમેશ ફુલશય્યા ઉપર સુઈ જાય છે તેમને કેવી ભયાનક સજા થશે ?

અને માલણના વેધક અને બોધક વચને રાજાના અંતરચક્ષુ ઉઘડી ગયા. માલણને છોડી મૂકી, ત્યાર પછી....

મહારાજા આત્મ સાધનાને પંથે વળ્યા. આખી જિંદગી સુખ-સાહ્યબીમાં ગાળવામાં આવે તો આત્માની શું દશા થાય ?

---


www.jaintatvagyanshala.org

Aacharya Shri Vijay Surendrasuriswarji Jain Tatvagyanshala

[illegible] ડુબી ન જવાય. જ્યારે ભાગ્ય ખતમ થશે ત્યારે પરિસ્થિતિ સંપૂર્ણ બદલાઇ જશે તેનો ખ્યાલ અવશ્ય રાખવો જોઇએ, કારણ કે ભાગ્ય ન હોય તો યથાર્થ પદાર્થો વિપરીત દેખાતા હોય છે પણ જ્યારે નિયમની કસોટીમાંથી પાર ઉતરીએ છીએ ત્યારે ભાગ્ય સુખથી ભરી દે છે.

ભાગ્યથી મળેલા સુખમાં અલિપ્ત રહેલો માનવી ધીમે ધીમે શાશ્વત સુખ મેળવવા ભાગ્યશાળી બને છે.

### માનવ જન્મ

ચોરાસી લાખ યોનિમાં કેવલ માનવજન્મ જ એવો છે કે જન્મ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે પણ સાથે સાથે એક વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે મનુષ્ય બન્યા પછી જીવન પર્યંત ખાવાપીવામાં મોજ મજામાં વિતાવી તો એ જ માનવજન્મ દ્વારા અધોગતિમાં ચાલ્યા જવું પડે છે. એટલે જીવ કર્મપુદ્ગલોને આધિન બન્યા સિવાય પોતાના સ્વભાવમાં જવા જાગૃત બને તો એ કર્મ પુદ્ગલોને છુટા થવું જ પડે છે. દા. ત. સંસાર વ્યવહારમાં કોઇ માણસે આપણી મુડી દબાવી દીધી હોય તો એ મુડીને છુટી કરવા, પાછી મેળવવા વારંવાર તકાદો કરીયે. છેવટે કોર્ટ–કચેરી સુધી પહોંચવા તૈયાર છીએ તેમ આપણા આત્મામાં રહેલી અનંત –જ્ઞાનાદિ રૂપ મુડીને ઘાતીકર્મોએ દબાવી છે, અને અઘાતિ કર્મોએ એને સાથ આપ્યો છે હવે એ મુડી છુટી કરવા તકાદો કરવાનો જ નહિ ? મુડી દબાવનાર જબરો છે. એટલે તેની સામે ટકવા પુરૂષાર્થ વીર્યસ્ફૂરણ પણ એટલું જ બલવત્તર જોઈશે.

www.jaintatvagyanshala.org

...y Surendrasuriswarji Jain Tatvagyanshala

જીવને શુભકર્મોના ઉદયે સર્વ અનુકુળ સામગ્રી મળે છે, અશુભ કર્મના ઉદયે સર્વ પ્રતિકુળ સામગ્રી આવતી હોય છે. શુભ અને અશુભકર્મોનો ઉદય જીવને મુંઝવે છે. શુભકર્મના ઉદયવાળો સુખમાં સંભ્રાન્ત થઇને ધર્મ આચરી શકતો નથી તેમજ અશુભકર્મના ઉદયવાળો દુઃખમાં સંભ્રાન્ત થઇને ધર્મ આચરી શકતો નથી તેમજ શુભકર્મના ઉદયથી જે જે સાંસારિક સુખની સામગ્રી પ્રાપ્ત થઈ હોય તેના ઉપભોગમાંથી ઉંચો આવતો નથી અને એમાંને એમાં મુંઝાયા કરતો હોય છે, જ્યારે અશુભકર્મના ઉંદયવાળો સુખ મેળવવા ચારે બાજુ દોડધામ કરવામાં ઉંચો આવતો નથી. સુખ પ્રાપ્ત કરવામાં મુંઝાયા કરતો હોય છે. એ મુંઝવણ દૂર કરવા માટે.

હે...જીવ ? તું આ પુદ્દગલોથી અળગો છે, તારે બાહ્ય પદાર્થો સાથે કશો સંબંધ નથી એવો ભાવ ક્ષણવાર પણ આવી જવે જોઇએ. દેહ–આત્માની વિભિન્નતા સમજાશે એટલે સુખ મેળવવા દોડધામ નહિ કરવી પડે અને દુઃખની પીડાથી દૂર થવાશે.

અનંત અનંત વસ્તુને ધારણ કરવા વાળો આત્મા રાંક બની ગયો છે. એ રાંકપણુ થવાનું એક જ કારણ છે ક્ષણિક સુખ પ્રાપ્તિની મનોવૃત્તિ રાંકપણુ હઠાવવા દૂર હઠાવવા માટે પાવર જોઈશે.

સામાન્ય રીતે ધનમાં પાવર માનવામાં આવ્યો છે પૈસાવાળો માણસ રૂવાબભેર ફરતો હોય છે અને એજ માણસ જ્યારે નિર્ધન થાય છે ત્યારે રાંક દેખાતો હોય છે તેમ ધર્મમાં પણ પાવર સમાયેલો છે કે જે પાવર દ્વારા બધા જ કર્મો બળીને ભસ્મીભૂત થઈ જાય છે અને શુદ્ધ જ્ઞાન રૂપ નિર્મળ પ્રકાશને પાથરતી જ્યોત પ્રગટ થાય છે.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કુદરતી સૌંદર્યની વચ્ચે એક સન્યાસીનો મઠ આવેલો હતો તે મઠની પર્ણકુટીરમાં ઉંદરનું એક દર હતું.

સન્યાસી રોજ ભીક્ષા લઇ આવે અને જમી લીધા પછી વધેલી ભીક્ષા અદ્ધર લટકાવી રાખી મુકે જેથી તેમાં જીવ જંતુ ન ચઢે અને ઉંદર વિગેરે ખાઇ ન જાય.

એક દિવસ પર્ણકુટીરમાંના દરમાં રહેલો ઉંદર આમ-તેમ ફરતાં અદ્ધર લટકાવેલી ભિક્ષા ઝોળીમાંથી તેને ભોજનની ગંધ આવી. અને તે છલાંગ મારી ઝોળીમાં પેસી ગયો સન્યાસીની ભિક્ષા આરોગવા લાગ્યો.

આ રીતે બે-ચાર દિવસ ચાલ્યા પછી સન્યાસીને થયું ભોજન આટલું અદ્ધર રાખવા છતાં રોજ કોણ ખાઇ જાય છે તપાસ કરવા માટે ધ્યાન રાખીને સન્યાસી એક તરફ બેસી ગયો. થોડીવાર થતાં દરમાંનો ઉંદર બહાર નીકળ્યો અને રોજની જેમ કુદકો મારીને ઝોળીમાં પેસી ગયો.

આ જોઇ સન્યાસી વિચારમાં પડી ગયો કે આ ઉંદરમાં આટલી બધી શક્તિ કયાંથી આવી. શક્તિની સહાય વગર આટલે ઉંચે ઉંદર કુદી શકે જ નહિ.

ઉંદરને મળતી શકિતની ખોજ કરવા સન્યાસીએ ઉંદરના દરને ખોદવા માંડયું અંદર અંદર જતાં ઝગારા મારતી સોના મહોરો દેખાઇ. સોના મહોરો જોતાં જ સન્યાસીને થયું આ...ધનના પાવરથી જ ઉંદર આટલું બધું કુદી શકે છે.

દરમાંથી બધી જ સોના મહોરો લઇને દરને પહેલાની જેમ

www.jaintatvagyanshala.org

Shri Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

વ્યવસ્થિત કરી દીધું પછી [illegible] એક તરફ બેસી ગયો.

ઉંદર બહાર આવ્યો બહાર આવીને રોજની જેમ કુદવા જાય છે પણ ઝોળીને પહોંચી શકતો નથી. સોના મહોરના પાવરથી મળતી શક્તિ બધી જ ચાલી ગઈ હતી. પહેલાની જેમ કુદવાની શક્તિથી ઉંદર હિન બની ગયો હતો.

ઉંદરની આ સ્થિતિ જોઇ સન્યાસીને સમાધાન થયુ કે આને અત્યાર સુધી ધનની શકિત મળતી હતી અને એ શકિતના આધારે આટલી કુદા કુદ કરી શકતો હતો.

એટલે ધનમાં પણ પાવર માનવામાં આવ્યો છે, કે જે પાવરના આધારે માનવી અદ્ધર ફરતો હોય છે. પરંતુ ધનનો પાવર મલ્યા પછી તેનો ફ્યુસ જતાં વાર લાગતી નથી ત્યારે ધર્મરૂપી ધનના પાવરને મેળવ્યા પછી તેનો પાવર વધતો જાય છે. તેનો ફ્યુસ જવાની બીક રહેતી નથી.

## નિયમ

નિયમ એટલે આત્મ ગુણ તરફ જવાનો માર્ગ શુભ નિયમો શુભ કાર્યોને નોતરી લાવે છે. અશુભ નિયમો આત્માને સર્વ નાશ તરફ ખેંચી જાય છે.

નિયમ અવિરતીમાંથી છોડાવી વિરતીમાં લઇ જાય છે. સાંભળેલું, સમજેલુ સાર્થક ત્યારે જ કહેવાય કે તેને આચરણમાં મુકવામાં આવે તો. આચરણમાં લાવવા માટે નિયમની જરૂર પડશે. નિયમ વગરના આત્માનું આત્મ ધન તેના શત્રુ મિત્રરૂપે થઇ લુંટી જાય છે. એટલે એ આત્મ ધનની સલામતી માટે નિયમરૂપી તીજોરી જોઈશે.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

દુનિયામાં પતન–પામવાના બધા જ સાધનો જીવ અપનાવતો હોય છે. કલ્યાણના સાધનોમાં થોડી હિંસા જેવું દેખાતુ હશે તો આ સાધનો નહિ જોઇએ. શું જરૂર છે ! કહીને દુર ભાગશે. જીવને પ્રારંભમાં તો સર્વ સાધનોની આવશ્યકતા છે. એ સાધનો અપનાવવાથી જ ઉત્થાન પામી શકે છે અને ઉત્થાન પામ્યા પછી એ સાધનોની આવશ્યકતા ઓછી રહે છે. પરંતુ શરૂઆતથી જ આમાં પાપ છે. કહી કહીને છોડી દઈશું અને પથ્થરની બનાવાયેલી મૂર્તિને પુજવાથી શું મળવાનું છે ? એમ માની ભાગતા ફરશું તો ઉત્થાનનો માર્ગ રૂંધાઈ જશે અને પતનના એક પછી એક પગથિયા ઉતરતા જવાશે.

જો સિનેમા જોવાથી માણસને અસર પહોંચતી હોય ઉશ્કેરાટવાળુ જલદ વાંચન વાંચવાથી મનના ભાવોમાં પરિવર્તન આવતું હોય તો જિનેશ્વર ભગવંતોની પ્રતિમાના દર્શન કરવાથી પૂજનથી હૃદયના ભાવોમાં પરિવર્તન કેમ ન આવે ? જડ જેવા પ્રાણીઓને બાહ્ય સાધનોની અસર પહોંચતી હોય છે તો યોગ્યતા પામેલા આત્માઓને એ સાધનો જરૂર અસર પહોંચાડે જ છે.

## દ્દષ્ટાંત

એક કુંભારની પાસે ઘણા ગધેડા હતા. ગધેડા જ તેની આજીવીકાનું સાધન હતું તેની પાસે કામ લીધા પછી બધાને છુટા મુકી દે અને ગધેડાઓ ગામની ભાગોળે રખડવા ચાલ્યા જાય. ઉકરડામાં આળોટે અને સમય પસાર કરે સાંજ પડતાં કુંભાર બધા ગધેડાને હાંકી લાવે ને દોરીથી બાંધી દે.

એક દિવસ કુંભારને ગધેડા હાંકી લાવતાં ઘણું મોડુ થઇ ગયું

www.jaintatvagyanshala.org

હતું એટલે તે બધા ગધેડાને ઉતાવળથી એક એક પગે એક લાંબી
Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
દોરીથી બાંધી રહ્યો હતો ત્યાં દોરી ઓછી પડી. એક ગધેડુ બાંધવાનું બાકી રહી ગયું રહી ગયેલા ગધેડાને બાંધવામાં ન આવે તો રાતના ક્યાંય ભાગી જાય એટલે એનેય બાંધવુ જરૂરી હતું પણ બીજી દોરી હતી જ નહિ.

રોજ બધા ગધેડાને જે દોરી બાંધતો હતો તેના બદલે ઉતાવળથી બીજી નાની દોરી લઇ લીધી હતી. હવે જુની દોરી શોધવાનો કે નવી લાવવાનો સમય ન હતો એટલે વિસામણમાં પડેલો કુંભાર માથે હાથ દઇને બેઠો છે.

ત્યાંજ માર્ગ ઉપરથી પસાર થતાં સન્યાસીએ ઉદ્દ્વિગ્ન કુંભારને જોયો અને પુછ્યું કાં ભાઈ ? આમ ચિન્તામાં બેઠો છે ?

કુંભારે કહ્યું 'મહારાજ ? આ ગધેડાઓને દોરી બાંધતા ઓછી પડી એક ગધેડુ બાકી રહી ગયું છે. તેને બાંધવા દોરી નથી અને છુટ્ટુ રાખવાથી ભાગી જાય તેમ છે. હવે શું કરૂ ? એની ચિન્તામાં બેઠો છું.

ઓહો...હો...હો...એમાં આટલી બધી ચિન્તા કેમ કરે છે. જો હું કહું તેમ કર...! છુટા રહેલા ગધેડાના પગે દોરી બાંધતા હોઇએ તેમ હાથ ફેરવ એટલે કામ પતી જશે.

અને...કુંભારે સન્યાસીની સૂચના મુજબ કામ કરીને સુઈ ગયો.

સવારે ઉઠીને જોતાં તે ગધેડુ ત્યાંને ત્યાં જ હતુ કારણ કે એના મનમાં બંધાયાની અસર હતી.

કુંભારે બધા ગધેડાઓને છોડયા નહિ બંધાયેલા છેલ્લા ગધેડાને છોડવાનું કામ ન કર્યું. એ ત્યાંનુ ત્યાં જ ઉભુ છે.


www.jaintatvagyanshala.org

Aacharya-vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

કુંભાર એને ચલાવવા ઘણા પ્રયત્ન કર્યા ડફણા માર્યા પણ તે ચાલતુ જ નથી આથી કુંભારને વળી પાછી ફિકર થઈ કામમાં મોડું થવા લાગ્યું.

આજ વખતે પેલા સન્યાસી ફરી ત્યાંથી પસાર થયા. કુંભારને ચિન્તાતુર જોઇ પુછ્યું અલ્યા વળી પાછું શું થયું ?

કુંભાર બોલ્યો અરે...મહારાજ ? કાલ સાંજે તમારી સુચના મુજબ કરવાથી રાત આરામથી નીકળી ગઈ પણ અત્યારે આ ગધેડુ હાલતું જ નથી ?

પણ...તે એને બંધનમાંથી છોડયુ છે ?

ના...મહારાજ ? તેને દોરી બાંધી જ નથી પછી છોડવાનું શું હોય ?

એજ.તારી ભૂલ છે ને ? તેં એને દોરી બાંધતા હોઈએ તેમ પગે હાથ ફેરવવાની વિધિ કરી હતી તેમ ફરી હાથ ફેરવી છોડવાની વિધિ કર્યા સિવાય કેમ ખસે ?

કુંભારે તરત જ ગધેડાના પગે હાથ ફેરવવાની ક્રિયા કરી. અને ગધેડું બીજા ગધેડાઓ સાથે જઇને ભળી ગયું.

જોયું ને ? એને બંધનમાંથી મુક્ત થયાની અસર થતાં ભાગવા લાગ્યું.

કુંભાર ખુશ થતાં પોતાના કામે ચાલ્યો ગયો.

સન્યાસી પોતાના માર્ગે વળ્યાં.

એવી જ રીતે નિયમરૂપી દોરડું આત્માને બંધનમાં રાખે છે એને રખડતો અટકાવે છે.

www.jaintatvagyanshala.org

Acharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

આજે મન–વચન–કાયાના યોગવડે ધર્મની સેવા કરવાનું ભુલાઇ ગયું છે. જાણે–શાસન સાથે કે ધર્મ સાથે કશો સંબંધ જ ન હોય? એટલે બન્યું એવું કે આપણે કરવાનું કામ નોકરોને સોંપ્યું પછી આત્મા ઉપર ધર્મની અસર કઇ રીતે થશે ધર્મની સેવા કરવાનો નિર્ધાર જ ધર્મનો રંગ લગાવે છે. આપણે દાખલા તરીકે જોઈશું તો અનોપમા દેવીને ધર્મનો કેવો રંગ લાગ્યો હતો. ધર્મમાં કેવા ઓતપ્રોત હતા. ખરેખર એમનો આત્મા ધર્મ-રંગથી સંપૂર્ણ રંગાઈ ગયો હતો. તેમના દ્વારા અનેક શાસન પ્રભાવનાનાં કાર્યો થયાં હતાં. ઘણા આત્માઓ ધર્મરંગથી રંગાયા હતા. તેમણે તન–મન અને ધનની સંપૂર્ણ શક્તિ શાસનના ચરણે ધરી દીધી હતી. અને ત્યારે જ આબુના ઉત્તુંગ શિખરો ઉપર અદ્દભૂત નમુના સરખાં જિન મંદિરો આજે પણ શાસનની શોભામાં વૃદ્ધિ કરી રહ્યા છે. તો આજે આપણે સંપૂર્ણ નહિ તો યથાશક્તિ ફાળો ન આપી શકીયે? શાસનની શોભા વધારવામાં સહયોગિ ન બની શકીયે?

## આત્માનું સત્ય સ્વરૂપ

અનાદિકાલિન મોહને હરાવ્યા સિવાય માનવી સુખના ધામ સ્વરૂપ મોક્ષ સ્થાનમાં પહોંચી શકતો નથી. બાહ્ય પદાર્થોમાં લાગેલી ભ્રમણા દૂર કરાયા પછી જ આત્માના સત્ય સ્વરૂપને સમજી શકાય છે અને સત્ય સ્વરૂપને સમજ્યા પછી સંસારના કોઇપણ પદાર્થો ઉપર ઇચ્છા–આકાંક્ષા કે મોહ નહિ રહે.

પરંતુ જેમ દુનિયામાં માણસોને સનેપાત લાગુ પડે છે. તેમ આત્માને પણ મોહનો સનેપાત લાગુ પડયો છે. ચાર તાવ આવેલાને

www.jaintatvagyanshala.org

Aacharya vijay Shri Surendrasuriswarji Jain Tatvagyanshala
મીઠાઈ [illegible] પણ એટલો જ ઉંચે ચઢેલો હોય પછી આત્મસાધનાની વસ્તુ ક્યાંથી રૂચે.

ધર્મ સાધના તરફ રૂચી નથી થતી એનું એક જ કારણ છે ક્રોધ–માન–માયા લોભરૂપી તાવ અવરોધે છે તેની માત્રા ઓછી થતાં ધર્મ સાધના તરફ રૂચી થવા માંડશે અને રાગ–દ્વેષ રૂપી મહાવ્યાધિને ઉત્પન્ન કરવાવાળા સંસારના જન્મ–મરણના ફેરાને ટાળવા માટેના પ્રયત્નોમાં પ્રગતિશીલ બની શકાશે.

આત્મામાં પ્રવેશ કરી ચુકેલા રાગ–દ્વેષરૂપી કષાયો જ આત્માનો વિનાશ કરે છે.

કોઈ ખરાબ માણસ ઘરમાં પ્રવેશ કરી ઘરના માણસો સાથે ભળી જઈ જેમ ધીમે ધીમે અરસપરસ કલેશ કરાવી ઘરનો વિનાશ કરે તેમ અનંતકાલથી આત્માની સાથે લાગુ પડેલા કષાયો પણ આત્માની અનંતશક્તિનો નાશ કરનારા બને છે.

માટે જ આત્માના સત્યસ્વરૂપને પ્રગટ કરવા દબાયેલી અનંતશક્તિને બહાર લાવવા સર્વપ્રથમ કષાયો સામે મોરચો માંડવો પડશે અને વિજય પ્રસ્થાનના તમામ માર્ગો અપનાવવા કટિબદ્ધ થવું પડશે.

**શ્રદ્ધા**

ધર્મ સ્થાનમાં આવ્યા પછી શાસ્ત્ર સમજવાની આચરવાની બુદ્ધિ કેળવવી પડશે. જીવનનો ઉત્તમકાલ જો સંસારના મોહક–આકર્ષક સાધનોમાં કેન્દ્રિત થઈ જશે તો જીવનને ધર્મશ્રદ્ધા યુક્ત બનાવવાની વાત ખોરંભે પડી જશે. માટે જ ધર્મ પામવા, શ્રદ્ધા વધારવામાં વધારે ને વધારે સમય આપો. અને જેમ વડિલોનો, સત્તાનો, લોકાપવાદનો ડર છે તેમ ધર્મસત્તાનો પણ ડર રાખો કે ધર્મહિન મારૂં જીવન પસાર થશે તો કેવા દુઃખોમાં હું ફેંકાઈ જઈશ.

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ધર્મશાસ્ત્રો સમજી–વિચારી આગળ વધનાર અવશ્ય આગળ વધી શકે છે. પરંતુ પેલો કરે છે તેથી હું પણ કરૂં એમ માની સમજ્યા વગરનું આચરણ એ આચરણ નથી.

**દ્રષ્ટાંત**

શીવજીનો એક ભકત હતો. તેને એવો નિયમ હતો કે શીવજીને ભોગ ધરીને પછી ભોજન કરવું.

એક દિવસ તે ખીચડી લઇને ગૃહમંદિરમાં ગયો ખીચડીમાં મુકવા માટે ગૃહમંદિરમાં ચમચો શોધવા લાગ્યો પણ ચમચો મલ્યો નહિ ત્યારે તેણે ચમચાના બદલે ખીચડીમાં દાતણ ખોસી દીધુ.

આ સમયે પરગામથી કોઈક મુખી આને ઘેર આવેલો હતો તે આ ભકતની ભકિત જોઇ ખુશ ખુશ થયો, અને વિચારવા લાગ્યો હું પણ શીવજીની પુજા રોજ કરૂ છું પણ મારી પુજા તો અધુરી જ રહે છે? કારણ કે શીવજીને ભોગ ધરતી વખતે હું દાતણ તો મુકતો જ નથી? શીવજીને ભોજનની જેમ દાતણ પણ જોઈએ જ ને?

અને...મુખી કામ પતાવી પોતાને ગામ ગયા પછી બીજા જ દિવસથી શીવજીને ભોગ ધરાવતી વખતે દાતણ મુકવાનું ચાલુ કર્યું. મુખીની આ વિધિ જોઇને બીજા બીજા ભકતોએ પણ દાતણ મુકવાનું શરૂ કર્યું. આ રીતે દાતણ મુકવાની પરંપરા ચાલી કોઈએ દાતણ મુકવાની વિધિ કયા શાસ્ત્રમાં છે. કે કયારે કોણે ચાલુ કરી વિગેરે વાત જાણવાની કોઇએ તકલીફ ન ઉઠાવી.

કેટલોક સમય વિતી ગયા પછી કોઇ એક સમજુ માણસને આ દાતણ મુકવાની વિધિ જોઇ વિચાર થયો. અરે...આ દાતણ મૂકવાનું વળી કયારથી ચાલુ થયું એણે આ વિધિના ખુલાસા માટે


www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

ભકતોને [illegible] આપવા લાગ્યા. પુછતાં પુછતાં છેવટે મૂળ વ્યકિતનું નામ આવતા તેની પાસે જઈ ખુલાશો પુછયો તેનો દાતણ મુકવાનો આશય જાણતાં જ બન્ને જણા ખડખડાટ હસી પડયા. અને...લોકની ગતાનુગતિક વિચાર ઉપર ખેદ કરવા લાગ્યા.

માટે તર્ક શકિતનો ઉપયોગ જરૂર કરવો પણ એક વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ કે શ્રદ્ધાગમ્ય પદાર્થોમાં તર્કશકિતનો ઉપયોગ નિરર્થક અને હાનિકારક છે. શ્રદ્ધામાં તર્ક ન ચાલી શકે.

આજે ભણેલા–ગણેલા અને વિજ્ઞાનમાં આગળ વધેલા ખ્રિસ્તિઓ ધર્મ આચરતા હોય કે ન આચરતા હોય છતાં પણ ઈસુની કુંવારીમાતાના સંબંધમાં કોઇ તર્ક–વિતર્કને સ્થાન આપે છે? ત્યા તેઓ શ્રદ્ધાનો વિષય માનીને જ ધર્મઆચરણ કરે છે.

માટે જ જે પદાર્થો શ્રદ્ધાથી સમજવા લાયક છે તે શ્રદ્ધાથી સમજો અને જે પદાર્થો તર્કથી સમજવાલાયક છે તે તર્કથી સમજો.

## જ્ઞાન સંપાદન

આજે લોકમાં ધાર્મિક અભ્યાસનું પ્રમાણ ઘટયું છે ધાર્મિક અભ્યાસ તરફની જીજ્ઞાસાવૃત્તિ, વડીલોની પ્રેરણા ઓસરવા લાગી છે ત્યારે બીજી તરફ વ્યાવહારિક દિનપ્રતિદિન વધતો જ જાય છે.

વિનય–વિવેકનું પોષક જો હોય તો ધાર્મિક જ્ઞાન જ છે. વિનય વિવેકનું પોષણ વ્યવહારિક જ્ઞાન વડે થઈ શકતુ નથી વ્યાવહારિક જ્ઞાનમાં ડીગ્રીઓ મેળવીને બહાર નીકળેલો આજનો શિક્ષિત કોઇ પણ બાબતમાં અસંતોષ થતાં તે પ્રધાનોનાં, પોતાને શિક્ષણ આપનાર


www.jaintatvagyanshala.org

Aacharya Vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala
શિક્ષકોના કે વડીલોની મર્યાદા જાળવતા અચકાતા નથી વધારેમાં જેમણે પાળી-પોષી મોટો કર્યો એ મા-બાપની સામે તડ ને ફડ જવાબ આપતાં જરાય સંકોચનો અનુભવ નથી કરતો.

બાળક એકાદ વખત શાળામાં નાપાસ થાય તો મા-બાપ જીવ બાળે છે. હાયવોય કરે છે. બીચારાનું વરસ બગડે એમાં ચિન્તા કરે છે, પણ અહિં ધર્મજ્ઞાન ન મેળવવાથી એ બાળકનું જીવન બગડશે એનું દુઃખ છે ખરૂં ?

બાળકોના જીવનનું ઘડતર મા-બાપ ઉપર અવલંબે છે. એટલે તેમણે બાળકોનું ઉચ્ચ જીવન બનાવવા ભોગ આપવો પડશે.

જો તેને મોટા બનાવી આગળ વધારવાની ઘેલછાથી ફોરેન મોકલવાના સ્વપ્ના સેવશો તો એનું ઘડતર પડતર કિંમતવાળુ જ બનશે માટે જ જીવનને ધાર્મિક જ્ઞાનથી યુક્ત બનાવો.




www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ધર્મ એ મુક્તિનું સાધન

અનાદ્યનંત વિષમ જગતમાં અજ્ઞાનાદિકથી પર્યટન કરતા આત્માઓને સત્ય રાહ બતાવીને માર્ગમાં લાવીને ઈષ્ટસ્થાને પહોંચાડનાર ધર્મ જ છે. તેના સેવનથી આત્મા વિકાસ સાધક ગુણોની સન્મુખ બની જીવનને રૂંધી રાખનાર સામગ્રીથી દૂર રહીને ઉન્નતિના પંથે દોડયો જાય છે. એટલે પ્રગતિનો માર્ગ ધર્મને અવલંબે છે. ધર્મ સંયોગે માનવજીવન સૌરભમય-કુસુમની જેમ શોભાને પામે છે, આથી જીવનમાં ધર્મની પરમ આવશ્યકતા સમાયેલી છે. ધર્મવાસનાથી સંસ્કારિત જીવન પણ જગતને આશીર્વાદરૂપ નિવડે છે. સદા અર્થકામની સાધનામાં સજ્જ બનેલાઓથી જગતમાં યુદ્ધાદિક મહાભયંકર ઝંઝાવાતો જ્યારે ઉભા થાય છે. અને શાન્તિ સંતોષ આદિ મહાગુણોનો નાશ થવા સાથે અવનતિનો ધોધ વહી રહેલો હોય છે. ત્યારે તે માનવ નિર્મિત અશાંતિને દબાવવા ધર્મ અમૃતસમાન બની રહે છે. અને ઉન્માર્ગગામી બનતાં મનડાંને માટે અંકુશરૂપ બની જાય છે. અને ધર્મની ઈચ્છાથી પણ પૌદ્‌ગલિક લાલસા તૃષ્ણાનાં વાતાવરણો શાન્ત પડી જાય છે.

આ ધર્મ પ્રારંભમાં સામાન્ય હોવા છતાં સમયે મહાન સ્વરૂપમાં પરિણમીને મુક્તિનું પરમ સાધન બને છે. તે ધર્મનાં સેવા, સતસમાગમ, શ્રદ્ધા ઇત્યાદિક અંગો છે. સેવાને આચરનારે ઐહિક સ્વાર્થ જતો કરીને શુભનિષ્ઠાથી ઉપકાર્ય વ્યકિતના અપકારને ભૂલીને પરોપકારમાં રત બનવું જોઈએ. આવા પ્રકારના સેવાગુણયોગે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની પ્રાપ્તિ પૂર્વક પરંપરાએ આત્માની મુકિત થવાનું પણ શાસ્ત્રોએ જણાવેલ છે.

—આચાર્ય શ્રી વિજય રામસૂરિજી

www.jaintatvagyanshala.org

Aacharya vijay shri Surendrasuriswarji Jain Tatvagyanshala

# ❊ અન્ય પ્રકાશનો ❊

| | | | —મૂલ્ય— |
|---|---|---|---|
| 卐 | ૧ | શ્રી જૈન ધર્મ પ્રકરણ રત્નાકર આવૃત્તિ પહેલી | અમૂલ્ય |
| 卐 | ૨ | ,, ,, ,, ,, ,, ,, બીજી | ૩—૫૦ |
| | ૩ | ,, ,, ,, ,, ,, ,, ત્રીજી | ૧૦—૦૦ |
| 卐 | ૪ | સ્વાધ્યાય સૌરભ | ૧—૦૦ |
| | ૫ | જ્ઞાનપદ પૂજા | સદુપયોગ |
| | ૬ | પચ્ચખાણ સમય દર્શિકા ગુજરાતી | ,, |
| | ૭ | પચ્ચખાણ સમય દર્શિકા ગુજરાતી—હિંદી [ કલકત્તા સૂર્યોદય પ્રમાણે ] | ,, |
| | ૮ | શ્રી યતિશ્રાદ્ધ વ્રતવિધિ સંગ્રહ પ્રતાકારે | ૪—૦૦ |
| | ૯ | શ્રી કથા મૌક્તિક માળા આવૃત્તિ પહેલી | ૨—૦૦ |
| | ૧૦ | ,, ,, ,, ,, ,, બીજી | ૩—૦૦ |
| | ૧૧ | મૈં સાધુ બન જાઉંગા [હિંદી કથા સંગ્રહ] | ૩—૦૦ |
| | ૧૨ | ચમત્કારના ચમકારા | ૩—૫૦ |
| | ૧૩ | શ્રી પંચ પ્રતિક્રમણ સૂત્ર હિંદી | પઠન—પાઠન |
| | ૧૪ | શ્રી અભય ગીત ગુંજન | ભક્તિ |
| | ૧૫ | સમ્યગ્દર્શન (પ્રવચન સંગ્રહ) | ~~૨—૫૦~~ |
| | ૧૬ | એક રાતની ચોકી (કથા સંગ્રહ) | ૫—૦૦ |

**卐 આ ચિન્હવાળા પુસ્તકો નથી.**

## : પ્રાપ્તિસ્થાન :

આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી
અમદાવાદ ૩૮૦૦૦૧.

www.jaintatvagyanshala.org

પરિમલ પ્રિન્ટર્સ—મલાડ, મુંબઇ—૬૪.